# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-03-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# *LOKSABHA ELECTION*

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે, જ્યારે બિહારમાં આવતીકાલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે. પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી 28 માર્ચે થશે અને 30 માર્ચ સુધી નામો પરત ખેંચી શકાશે. બિહારમાં, 30 માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે, અને 2 એપ્રિલ સુધી નામો પાછા ખેંચી શકાશે. પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન થશે.

બીજા તબક્કા માટે 12 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશોની 89 લોકસભા બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે. બીજા તબક્કામાં કેરળમાંથી 20, કર્ણાટકમાંથી 14, રાજસ્થાનમાંથી 13, ઉત્તર પ્રદેશ અને  મહારાષ્ટ્રમાંથી 8-8, મધ્યપ્રદેશમાંથી 7, આસામ અને બિહારમાંથી 5-5, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ, મણિપુર, ત્રિપુરા અને મણિપુરમાંથી ત્રણ-ત્રણ બેઠકો માટે, જમ્મુ-કાશ્મીરમાં એક-એક સીટ પર

ચૂંટણી થશે. ઉમેદવારો 4 એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકશે, અને 26 એપ્રિલે મતદાન થશે.

.................

## *EC---ADVISORY*

કેન્દ્રીય ચૂંટણીપંચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદારો માટે લઘુતમ મુળભુત સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

આ ઉનાળામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની હવામાન ખાતાએ કરેલી આગાહીના પગલે ચૂંટણી પંચે તમામ મતદાન મથકોએ મતદારો માટે ખાસ શેડ તેમજ પીવાના પાણીની સુવિધા સહિત પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી છે. ચુંટણી પંચે મતદાન મથકે પાણી, ઓઆરએસ, છાયડા માટે સેડ ટેન્ટ, જરૂરી ફર્નીચર, શૌચાલય તથા તબીબી કીટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે.

આ ઉપરાંત ચૂંટણી પંચે ગરમીના મોજાના તેમજ આકરા તાપના સમયગાળામાં દરેક નાગરિકે શી તકેદારી રાખવી તેની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ - NDMA દ્વારા અપાયેલી સૂચનાઓ દેશના બધા જ ચૂંટણી અધિકારીઓને મોકલી છે.

ઉલ્લેખનીય છે કે NDMA એ ગરમીના મોજાની સંભવિત અસર ઘટાડવા બપોરના 12 થી 3 દરમિયાન અગત્યના કામ સિવાય તાપમાં નહીં નીકળવાની સૂચના અપાઇ છે.

-----------------------

## DWARKA AJHAD TAAPU

દ્વારકા જીલ્લામાં 40 મતદાર ધરાવતા અજાડ ટાપુ પર વિશિષ્ટ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યું છે.

ભારતના ચૂંટણી પંચના ‘Every Vote Counts’ ના સંકલ્પને સાર્થક કરવાના પ્રયાસોથી જિલ્લા કલેકટર દ્વારા આ ટાપુ પર તંબુમાં મતદાન મથક તૈયાર કરવામાં આવ્યું છે. જેથી મતદારો તેમના મત આપવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે.

અમારા દ્વારકા જિલ્લાના પ્રતિનિધિ કરણ જોશી જણાવે છે કે, અહીં પરિવહન માટેનો એકમાત્ર રસ્તો બોટ છે.

. . . . . . . . . . . .

## Flying Scod - AMRELI

અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે કે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ વિધાનસભાની ચૂંટણી દરમિયાન લાંચ આપનાર કે લેનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે. લાંચ આપનાર કે લેનાર બંને સામે કેસ નોંધવા ફ્લાઈંગ સ્કોડ સક્રિય

નાગરિકો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ ઉપર જાણ કરી ફરિયાદ નોંધાવી શકાશે.

...................................

## BOTAD-MATDAN JAGRUTI

બોટાદ જિલ્લામાં મતદાન જાગૃતિ અંતર્ગત નવતર પ્રયોગ હાથ ધરાયો.

જેમાં અગાઉ જાદુગર તેમજ શેરી નાટક થકી લોકો ને વધુ ને વધુ મતદાન માટે અપીલ કરી મતદાન નું મહત્વ સમજાવી વધુ મતદાન કરવા લોકો માં જાગૃતતા લાવવા આયોજન કરવામાં આવેલુ. ત્યારે આજ રોજ બોટાદ જિલ્લા કલેકટર ના સીધા માર્ગદર્શન હેઠળ બોટાદ જિલ્લા માં રોબર્ટ ને બોટન નામ આપી એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવેલ છે. જેમાં રોબર્ટ દ્વારા હાથ માં ડિસ્પ્લે સાથે લોકો ને મતદાન અને ઓડિયો સાથે માહિતી આપે તેવું આયોજન કરાયું.

--------------------

## DIVYANG MATDAR JAGRUTI

ઉચ્છલ તાલુકાનાં દિવ્યાંગ મતદારો માટે તાલુકા સેવા સદન ઉચ્છલ ખાતે આજે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં ૮૦ જેટલા દિવ્યાંગજનો ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.

કાર્યક્રમમાં ચુંટણી પંચ દ્વારા દિવ્યાંગ મતદાતાઓને મતદાન કેન્દ્ર ખાતે પુરી પાડવામાં આવતી વિશેષ સુવિધાઓ, જેમ કે વ્હીલચેરની વ્યવસ્થા, સહાયકની વ્યવસ્થા,બ્રેઈલ લિપિ, સાઈન લેંગ્વેજ (સાંકેતિક ભાષા) તેમજ વાહન વ્યવહારની વ્યવસ્થા, અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

દિવ્યાંગ મતદારો પોતાના મતાધિકારનો વધુ ને વધુ ઉપયોગ કરે તે માટે SWEEP કાર્યક્રમ થકી માહિતગાર કરવામાં આવ્યા હતા,તેમજ ફોર્મ ૧૨ D અંતર્ગત દિવ્યાંગજનો ઘર બેઠા પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે છે, તે અંગે પણ સંપુર્ણ માહિતી પુરી પાડવામાં આવી હતી.

.................

# RANGBHOOMI DIVAS - MAHESANA

આજે વિશ્વ રંગભૂમિ દિવસ છે. રંગભૂમિ પર ભજવાતી ભવાઇ એ ગુજરાતનું પરંપરાગત લોકનાટ્ય છે. ગુજરાતી રંગભૂમિનું પ્રથમ નાટક 1853માં મુંબઈ માં ભજવાયું હતું.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, રંગમંચ પર મહેસાણા જિલ્લામાં ઉમતા તેમજ પોચોટ ગામના કલાકારોએ દુનિયામાં નામના મેળવી હતી. ગુજરાતી નાટકોમાં જયશંકર સુંદરી તેમજ વિસમનગર તાલુકાના ઉમતા ગામના પ્રાણસુખ એડિપોલો

પાત્ર ભજવનારા કલાકારોએ નામના અપાવી હતી. અસાઈત ઠાકર દ્વારા લખાયેલા 300 થી વધુ ભવાઈના વેશ એક જમાનામાં મનોરંજન સાથે જ્ઞાન આપતા હતા.

. . . . . . . . . . . . . . . . . .

## TIJORI KACHERI - BHUJ

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ની સમાપ્તિને કારણે 30 મી માર્ચે કચ્છ જિલ્લા તિજોરી કચેરી તેમજ તેને સંલગ્ન પેટા તિજોરી કચેરી સાંજે 6 વાગ્યા પછી પણ ખૂલી રહેશે. નાણાંકીય લેવડ દેવડ અને ચૂકવાણીઓમાં અગવડતા ના પડે તે માટે જિલ્લા કલેકટર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. જેમાં જિલ્લાની  સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને બેંક ઓફ બરોડાની તમામ શાખામાં તમામ પ્રકારના વ્યવહાર માટે કામગીરી ચાલુ રાખવા સંબંધિત બ્રાન્ચ મેનેજરને જણાવવામાં આવ્યું છે.

.................